હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

હે ભગવાન, મારી દીકરીને ગ્રીનઝોનમાં રહેતો હોય તેવો મુરતીયો મળે એવું કાંઈક કરજે...!!

પરપ્રાંતિયાઓને તેમના વતન સુધી મોકલવા જિલ્લા તંત્ર દ્વારા સુચારું વ્યવસ્થા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં લોક ડાઉનના કારણે રોકાયેલ પરપ્રાંતિયાઓને તેમના વતન સુધી પહોંચાડવાની સુચારું વ્યવસ્થા જિલ્લા તંત્ર દ્વારા કરવામાં આવી છે, તેવું જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં લોકડાઉનમાં ફસાયેલા પરપ્રાંતિયાઓ હેલ્પલાઈન નંબર – ૧૦૭૭ પર કે મામલતદાર કચેરીમાં નામ નોંધાવે છે. તેઓ બે કે ત્રણ દિવસ જેટલા સમયની રાહ જોઈ કોઈ વ્યવસ્થા ન થતાં પોતાના વતન તરફની વાટ ચાલતા પકડી લે છે. જેથી કલેકટરશ્રીએ પરપ્રાંતિયાઓને આમ ન કરવા જણાવ્યું છે. પરપ્રાંતિયાઓને તેમના વતન મોકલવા માટે સતત જિલ્લા વહીવટી તંત્ર કાર્યરત છે. આગળથી પરવાનગી મળ્યા બાદ અને એક વિસ્તારમાં જવા માટે સ્પેશિયલ ટ્રેનમાં ૧૨૦૦ વ્યકિતઓ થઈ જાય તે પછી સંબંધિત સરકાર દ્વારા પરવાનગી મળતા તેમને મોકલવામાં આવી રહ્યાં છે. તેમજ પરપ્રાંતિયાએ જયાં પોતાના નામની નોંધણી કરાઈ છે. ત્યાંથી જ તમને મોકલવા માટેની વ્યવસ્થા કરવામાં આવશે, તેવું પણ ભારપૂર્વક જણાવ્યું છે.

કલેકટરશ્રીએ જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં અને મહાનગરપાલિકા વિસ્તારમાં અત્યાર સુધી ૧૨૮ કોરોના પોઝિટીવ કેસ નોંધાયા છે. કલોલ શહેર અને ગાંધીનગર શહેરમાં કેસોની સંખ્યા વધતા સંપૂર્ણ લોક ડાઉનની અમલવારી આ બન્ને શહેરમાં કરવામાં આવી છે. માત્ર દવા, દૂધ અને હોસ્પિટલ અને દવાખાના ખુલ્લા રાખવાની છુટ આપવામાં આવી છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા કોરોના સંક્રમણ અને લોકડાઉનને લઈ "મુશ્કુરાયેગા ઈન્ડિયા" નામની વિડીયો કલીપ સોશિયલ મિડિયામાં છવાઈ જવા પામી છે.
- ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારીએ આજે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની સ્થિતિ અંગે તબીબી અધિકારીઓને સતર્ક રહી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા ઝૂમ એપથી કોન્ફરન્સ કરી કડક તાકીદ કરી છે.
- ગાંધીનગર શહેરના સે. ૨૪માંથી જ કોરોનાને લઈ ૨૦૦ જેટલા સેમ્પલો મનપાના તંત્ર દ્વારા લેવામાં આવ્યા છે.
- લોકડાઉન લંબાશે કે કેમ તેને લઈ નાગરજનોમાં અટકળોનો દોર ચાલુ થઈ ગયો છે.
- ગાંધીનગર જિલ્લાના ઘણા બધા ગામો અમદાવાદ સાથે સીધી રીતે સંકળાયેલા હોવાથી કોરોનાના કેસોમાં સતત વિસંગતતા તંત્રો વચ્ચે રહેતી જોવા મળી રહી છે. નોકરી અમદાવાદ કરે ટેસ્ટ અમદાવાદમાં થાય એટલે કેસ ક્યાંના ગણવા તેવા હદના પ્રશ્નો ઉભા થાય છે.

ગાંધીનગર તાલુકાના વિવિધ ગામોમાં

શાકભાજી અને કરિયાણાના વેપારીઓની અઠવાડિયામાં બે વખત આરોગ્ય ચકાસણી કરાશે

કંટ્રોલ રૂમના સંપર્ક : મોબાઇલ નંબર ૯૪૦૯૪ ૨૮૯૧૬, ૯૭૩૭૮ ૫૫૧૩૦, ૯૮૨૫૯ ૮૭૫૮૨ અને ૭૫૬૭૦ ૧૩૧૬૭

ગાંધીનગર

ગાંધીનગર તાલુકાના વિવિધ ગામોમાં શાકભાજી, દૂધ, અનાજ, કરિયાણાના વેપારીઓની અઠવાડિયામાં ઓછામાં ઓછા બે વખત ફરજીયાત આરોગ્ય ચકાસણી કરાવવા માટે અને ગામમાં કડક લોક ડાઉનની અમલવારી થાય તે માટે ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી શ્રી જી.એ.ધાંધલીયાએ જણાવ્યું છે.

ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી જી.એ.ધાંધલિયાએ જણાવ્યું છે કે, ગાંધીનગર તાલુકાના તમામ ગામોને કોરોના મુક્ત ગામ બનાવવાના ઉમદા આશયને સાર્થક કરવા તમામ ગામના સરપંચશ્રી, ગ્રામ પંચાયતના સદસ્યો, તલાટી કમ મંત્રી અને સ્વયંસેવકોની સહિયારી જવાબદારી છે. તેમણે ગામના સરપંચ, તલાટી કમ મંત્રી અને અગ્રણીઓને આવશ્યક સેવાઓ સિવાય એક પણ વ્યક્તિ ગામ માં પ્રવેશે નહીં તેની ખાસ અંગત તકેદારી રાખવા અને બહારથી ગામમાં પ્રવેશતા વ્યક્તિઓની ફરજીયાત આરોગ્ય ચકાસણી સ્થાનિક આરોગ્ય તંત્ર દ્વારા કરાવવાનું જણાવ્યું છે. તેમજ નિયમિત રીતે એક અઠવાડિયા સુધી તેની આરોગ્ય વિષયક ચકાસણી થાય તે અંગે એ વ્યક્તિની ફરજિયાત દિવસમાં એક વખત મુલાકાત લેવાની રહેશે. બહારથી ગામમાં પ્રવેશ કરેલ વ્યક્તિઓ ની યાદી દરરોજ સાંજે ૭.૦૦ કલાક સુધીમાં સ્થાનિક આરોગ્ય તંત્ર અને સ્થાનિક પોલીસ સ્ટેશને મોકલી આપવાની રહેશે. બહારથી આવેલા વ્યક્તિઓને હોમ ક્વોરેન્ટાઈન કરવા અને તેઓને ઘરની બહાર ન નીકળવા અને સોશિયલ ડિસ્ટન્સીંગ નું પાલન કરવા માટે તેઓને સમજુતી આપવી. હોમ ક્વોરેન્ટાઈન વ્યક્તિઓની યાદી સ્થાનિક આરોગ્ય તંત્ર અને સ્થાનિક પોલીસ સ્ટેશને ફરજિયાત મોકલી આપવાની રહેશે. હોમ ક્વોરેન્ટાઈન વ્યક્તિની દિવસ દરમ્યાન બે વખત આકસ્મિક ચકાસણી કરવા પણ ભારપૂર્વક જણાવ્યું છે. આજુબાજુના વ્યક્તિઓને પણ હોમ ક્વોરેન્ટાઈન કરેલ વ્યક્તિ ઘરની બહાર નીકળે તો ગ્રામ પંચાયતને જાણ કરવા અંગે જાગૃત કરવા અને હોમ ક્વોરેન્ટાઈન વ્યક્તિ હોમ ક્વોરેન્ટાઈન નો ભંગ કરે તો ગ્રામ પંચાયતે તાત્કાલિક પોલીસને જાણ કરવી અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. જે વિસ્તારમાં પોઝિટિવ કેસ આવે તે વિસ્તારમાં તાત્કાલિક સેનિટાઈઝેશનની કામગીરી હાથ ધરવાની રહેશે. લોકડાઉનનો ચુસ્ત અમલ કરવો. ઉપર્યુક્ત બાબતે કોઈપણ ને કંઈ પ્રશ્ન હોય તો તાલુકાના કંટ્રોલ મોબાઈલ નંબર ૯૪૦૯૪ ૨૮૯૧૬, ૯૭૩૭૮ ૫૫૧૩૦, ૯૮૨૫૯ ૮૭૫૮૨ અને ૭૫૬૭૦ ૧૩૧૬૭ પર કરવા જણાવ્યું છે.

હાલીસા ગામ નજીકથી ગાય, વાછરડા ભરેલ કન્ટેનર ઝડપાયુ

ગાંધીનગર, તા.૧૦

લોકડાઉન વચ્ચે છાલા ગામેથી ફિલ્મી ઢબે પીછો કરી હાલીસા ગામ નજીકથી ચિલોડા પોલીસે ગાય, વાછરડા અને બળદ ભરેલ કન્ટેનર સાથે બે ઈસમોને પકડી પાડ્યા હતા. પોલીસે કન્ટેનરમાં ચેક કરતા ડબલ માળ બનાવીને અંદર ગાય, વાછરડાના મોંઢા તેમજ પગ બાંધીને હલન-ચલન ન કરી શકે તે રીતે બાંધેલા હતા. પોલીસે તમામ પશુઓને છોડાવી પાંજરાપોળ ખાતે મોકલી આપવાની તજવીજ હાથ ધરી હતી. જયારે કન્ટેનરમાંથી ૩ ગાય અને ૫ વાછરડા મૃત હાલતમાં મળી આવ્યા હતા. જયારે કન્ટેનર પર ખાદ્યપદાર્થો હોવાનું કોમ્પ્યુટર જનરેટ બીલ મળી આવ્યું હતું. પોલીસે ૬૧ પશુઓ, કેન્ટેનર અને બે ઈસમોને પકડી પાડી ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ આર.એમ.ડામોર ચલાવી રહ્યા છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર જિલ્લાના પ્રવેશદ્વાર ચંદ્રાલા ગામે ચેક પોસ્ટ ઉભી કરવામાં આવી છે. પોલીસના જવાનો દ્વારા રાઉન્ડ ધ કલોક ચેકપોસ્ટ પર વાહન ચેંકીગ કરવામાં આવે છે. ત્યારે આજે વહેલી સવારે ચંદ્રાલા નાકા પોઈન્ટ પર કન્ટેનર નં. યુ.પી.૨૧.એ.એન.-૩૩૮૮ આવતા તેને હાજર પોલીસકર્મીઓએ રોકવા માટે ઈશારો કરવા છતા કન્ટેનર ઉભુ ના રાખતા પોલીસ કર્મચારીઓએ પીસીઆરને જાણ કરતા

પો.કો.શામળભાઈ ખેંગારભાઈ, અશ્વિનકુમાર કાળીદાસ, પીસીઆર ડ્રાઈવર પવનસિંહે પીછો કરી કન્ટેનરને હાલીસા ગામ નજીક આંબા બસ સ્ટેશન પાસે કન્ટેનર મુકીને તેમાથી ત્રણ શખ્સો ભાગી ગયા હતા. જેમાં બે શખ્સોને પોલીસે ખેતરમાંથી પકડી પાડ્યા હતા અને એક શખ્સ ભાગી છુટવામાં સફળ રહ્યો હતો. જેથી પોલીસ કર્મચારીઓ કન્ટેનરને પોલીસ સ્ટેશન લાવી પશુઓને નીચે ઉતારતા ગાય-૧૯, વાછરડા-૪૧ અને બળદ એક મળી કુલ ૬૧ ગૌવંશ મળી આવ્યું હતું. જેમાં ત્રણ ગાય અને ૫ વાંછરડા મૃત હાલતમાં મળી આવ્યા હતા. ગાય,વાછરડા અને બળદને પોલીસે ગૌશાળા ખાતે મોકલી આપ્યા હતા અને મૃત હાલતમાં મળી આવેલ ગાય અને વાછરડાને પીએમની કાર્યવાહી હાથ ધરી હતી. જયારે ગાડીમાંથી પોલીસને બીલ્ટીના કાગળો મળી આવ્યા હતા. જેમાં તમિલનાડુ આંધ્ર રોડ લાઈન અમદાવાદ તેમજ ફોર્ચુન પ્રા.લી.ઝવેરી બજાર અમદાવાદનું તારીખ વિનાના રાઈસના બીલ તેમજ સ્વાસ્તિક ફુડ મંસૌર મધ્યપ્રદેશના લેટરપેડ ઉપર ખાદ્ય પદાર્થ હોવાની માહિતી દર્શાવતુ એક કોમ્પ્યુટર જનરેટ બિલ કન્ટેનર પરથી મળી આવ્યું હતું. જયારે પોલીસે પકડી પાડેલા આરોપીમાં આશીક મુસ્તાક ચીલ્લું, અકબર ગફારભાઈ નેહારગર (ડીપપુરા મહોલ્લા મુલતાનપુર, મનસૌર મધ્યપ્રદેશ) ભાગી ગયેલ શખ્સ ચાંન્દુ નેહારગર (રહે મધ્યપ્રદેશ) સામે ગુનો નોંધી તપાસ આર.એમ. ડામોર કરી રહ્યા છે.

ગુજરાતે પરપ્રાંતિયોને વતન મોકલવા ૧૬૭ ટ્રેન દોડાવી

પરપ્રાંતીય-શ્રમિકોને તેમના વતન મોકલવા માટે અમદાવાદ શહેરના કાલુપુર, સાબરમતીમાંથી ૧૮, સુરતમાંથી ૧૪, વડોદરા અને રાજકોટમાંથી ત્રણ-ત્રણ ટ્રેનો એ સિવાય રાજયના અન્ય વિસ્તારોમાંથી મળી આજે કુલ ૫૬ ટ્રેનો દોડાવવામાં આવી છે. બે દિવસમાં બે લાખ, ૬૮ હજારથી વધુ પરપ્રાંતીયો-શ્રમિકોને યુપી, બિહાર, ઝારખંડ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ સહિતના અન્ય રાજયોમાં તેમના વતન રવાના કરાયા છે. અત્યારસુધીમાં ગુજરાતમાંથી કુલ ૧૬૭ જેટલી ટ્રેનો પરપ્રાંતીયો, શ્રમિકોને તેમના વતન પહોંચાડવા માટે દોડાવવામાં આવી છે. સમગ્ર દેશમાંથી ગુજરાતમાંથી ૪૬ ટકા ટ્રેનો ગુજરાતમાંથી દોડાવવામાં આવી છે કે જેનાથી પરપ્રાંતીયો-શ્રમિકોને તેમના વતન પહોંચાડી શકાય. ભારતમાંથી પંજાબ, મહારાષ્ટ્ર સહિતના રાજયોમાંથી મળી કુલ ૩૮૪ જેટલી ટ્રેનો દોડાવવામાં આવી છે, જેમાંથી ૧૬૭ ટ્રેનો ગુજરાત દ્વારા પરપ્રાંતીયોને તેમના વતન મોકલવા માટે દોડાવાઈ છે, જે નોંધનીય છે.

૧૧મી મે ભારત માટે મહાન દિન : સ્વદેશી 'હંસ'ની ઉડાન, પરમાણું પરીક્ષણ, સ્પેશ્યલ બાળાનો જન્મ

ઈતિહાસમાં ૧૧મી મે નું બહું મહત્વ છે. વર્ષનો ૧૩૧મો દિવસ છે અને આ દિવસે ઘણી ઘટનાઓ બની છે. વર્ષ ૨૦૦૦માં ૧૧મે ના રોજ ભારતની વસતીએ ૧૦૦ કરોડનો આંકડો પ્રાપ્ત કર્યો હતો, જ્યારે નવી દિલ્હીમાં એક બાળકીએ દેશનો એક અબજમો જન્મ લીધો હતો. ૧૧મી મેના રોજ નવી દિલ્હીની સફદરજંગ હોસ્પિટલમાં સવારે ૫.૦૫ કલાકે જન્મેલી બાળકીએ ઈતિહાસ સર્જી દીધો. આ બાળકીનું નામ આસ્થા અરોરા હતું, એ સમયે આસ્થા સેલેબ્રિટી બની ગઈ હતી. તેણે ૨૦૧૯માં તેણે પહેલીવાર મત આપ્યો હતો. આ દિવસે ૧૯૫૧માં ભારતના રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદે નવનિર્મિત સોમનાથ મંદિરનું ઉદ્ઘાટન કર્યું હતું. ૧૯૮૮માં ફ્રાન્સે પરમાણું પરિક્ષણ કર્યું હતું. અમેરિકાના ન્યૂયોર્કમાં આ જ દિવસે ૧૭૦થી વધુ દેશોએ પરમાણુ અપ્રસાર સંધિ પર હસ્તાક્ષર કર્યા હતા. ૧૧મી મે ૧૯૯૮માં જ સ્વદેશી વિમાન હંસની ઉડાન હતી.

વાજપેયી સરકારની સૌથી મોટી ઉપલબ્ધિ...

સૌથી મહત્વની બાબત એવી છે કે ૧૧મી મે ને નેશનલ ટેકનોલોજી ડે તરીકે મનાવવામાં આવે છે. આ દિવસે રાજસ્થાનના પોખરણમાં બીજીવાર સફળતાપૂર્વક પરમાણું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ સમયે દેશના વડાપ્રધાન તરીકે અટલ બિહારી વાજપેયી હતા. આ પરીક્ષણ સાથે ભારત દુનિયાના એવા દેશોમાં

ભારતના બે સુપરપાવર નેતા–ઇન્દિરા અને વાજપેયીએ વિશ્વમાં ભારતનું નામ રોશન કર્યું છે

સામેલ થયું હતું કે જેમની પાસે પરમાણું શક્તિ છે. ભારત માટે બીજી મહત્વની સિદ્ધિ એવી છે કે આ દિવસે ૧૯૯૮માં સ્વદેશી વિમાન હંસ એ ઉડાન ભરી હતી. હંસ-ઉને નેશનલ એરોસ્પેસ લેબોરેટરી દ્વારા વિકસિત કરવામાં આવ્યું હતું. તે બે સીટવાળું હલકું સામાન્ય વિમાન હતું જેનો ઉપયોગ પાયલોટને પ્રશિક્ષણ આપવા, હવાઈ ફોટોગ્રાફી કરવા અને પર્યાવરણ સબંધિત યોજનાઓ માટે થતો હતો. ૧૧મી મે ૧૯૯૮ના રોજ ડીઆરડીઓએ ત્રિશૂલ મિસાઈલનું છેલ્લું પરિક્ષણ કહ્યું હતું, ત્યારબાદ આ મિસાઈલને ભારતીય વાયુ સેના અને ભારતીય જમીન સેનામાં સામેલ કરી હતી. ત્રિશૂલ જમીન થી હવામાં છોડવાનું મિસાઈલ છે. આ પ્રયોગ પછી ભારતે પૃથ્વી, આકાશ અને અગ્નિ મિસાઈલ બનાવી હતી.

ત્રણ દિવસમાં પોખરણમાં બે વખત પરીક્ષણ...

ભારતે ૧૧મી મે ૧૯૯૮માં પોખરણમાં પરમાણું પરિક્ષણ કર્યું હતું જેમાં વૈજ્ઞાનિકો તેમજ એન્જીનિયરોની મોટી ટીમ સામેલ હતી. ભારતના વૈજ્ઞાનિકોએ પોખરણમાં પાંચ ન્યૂક્લિયર ટેસ્ટ કર્યા હતા જેમાં ત્રણ ન્યૂક્લિયર બોમ્બનો બ્લાસ્ટ કર્યો હતો. બ્લાસ્ટ પછી ભૂકંપ માપવામાં આવ્યો હતો અને તેને સિસ્મિક સ્ટેશને મંજૂર કર્યો હતો. બાકીના બે બોમ્બને ૧૩મી મે એ બ્લાસ્ટ કરવામાં આવ્યા હતા. ભારતે પરમાણું શક્તિનો પ્રથમ ટેસ્ટ ૧૯૭૪માં કર્યો હતો જેને સ્માઈલિંગ બુદ્ધાનું નામ આપવામાં આવ્યું હતું. બીજા પરિક્ષણને પોખરણ નામ અપાયું હતું અને સમગ્ર મિશનને ઓપરેશન શક્તિ નામ અપાયું હતું જેમાં પાંચ પરિક્ષણ સામેલ હતા.

દેશનો પરમાણું કાર્યક્રમ ૧૯૪૪માં શરૂ થયો...

પોખરણ અણું પરીક્ષણ પછી જાપાન અને સંયુક્ત રાજ્ય અમેરિકા સહિત પ્રમુખ દેશોએ ભારત સામે વિભિન્ન પ્રકારના પ્રતિબંધ લગાવ્યા હતા. ઈતિહાસ છે કે ભારતનો પરમાણું કાર્યક્રમ ૧૯૪૪માં શરૂ થયો હતો જ્યારે પરમાણું વૈજ્ઞાનિક હોમી ભાભાએ પરમાણું ઉર્જાના દોહન માટે ભારતીય કોંગ્રેસને મનાવવાનું શરૂ કર્યું હતું. એક વર્ષ પછી તેમણે ટાટા ઈન્સ્ટીટ્યુટ ઓફ ફન્ડામેન્ટલ રિસર્ચ (ટીઆઈએફઆર) ની સ્થાપના કરી હતી. ૧૯૫૦ના દસકામાં ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર (બીએઆરસી) માં પ્લુટોનિયમ અને અન્ય બોમ્બ ઘટકોના વિકાસની યોજના બની હતી. ૧૯૬૨માં ભારત અને ચીન વવાદિત ઉત્તરી મોરચા પર સંઘર્ષમાં હતા અને ૧૯૬૪માં ચીનના પરીક્ષણથી ભારતને નાનપ લાગી. જ્યારે વિક્રમ સારાભાઈ તેના પ્રમુખ બન્યા ત્યારે તત્કાલિન વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ ઓછો રસ બતાવતાં પરમાણું યોજના ધીમી પડી ગઈ હતી. જો કે ૧૯૬૬માં જ્યારે ઈન્દિરા ગાંધી વડાપ્રધાન બન્યા ત્યારે ભૌતિક વિજ્ઞાની રાજા રમન્નાના પ્રયાસોમાં રૂચિ દાખવી અને પરમાણું કાર્યક્રમ ફરી એકવાર શરૂ થયો. ચીન તરફથી ૧૯૬૭માં પરમાણું હથિયારોનું પરીક્ષણ શરૂ થયું ત્યારે ભારતે પણ પરમાણું પરીક્ષણનો નિર્ણય કર્યો હતો. ઈન્દિરા ગાંધીના સમયમાં

૧૮મી મે ૧૯૭૪માં પોખરણમાં પહેલું પરમાણું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. ભારતે તે સમયે જાહેર કર્યું હતું કે આ પરીક્ષણ શાંતિપૂર્ણ કાર્યો માટે હશે અને દેશને ઉર્જાના ક્ષેત્રમાં આત્મનિર્ભર બનાવવાનું કદમ હશે.

અબ્દુલ કલામ અને ચિદમ્બરમ હિરો હતા...

૧૯૯૮માં જ્યારે બીજું પરમાણું પરીક્ષણ કરવામાં આવ્યું ત્યારે યોજનાના ચીફ ડો. એપીજે અબ્દુલ કલામ હતા. તેમની સાથે ડો. આર ચિદમ્બરમ જોડાયા હતા. આ પરીક્ષણ પછી અમેરિકાની ખુફિયા એજન્સી શરમ અનુભવતી હતી, કારણ કે તે પરીક્ષણ માટેની તૈયારીઓ શોધવામાં અસફળ રહી હતી. ભારતમાં આ પરીક્ષણ માટે ૨૦મી માર્ચથી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. મહત્વની બાબત એવી છે કે એક દિવસ પહેલાં જ ભાજપના નેતૃત્વવાળી એનડીએની સરકાર બની હતી. વડાપ્રધાનની ખુરશી સંભાળ્યાના આગલા દિવસે વાજપેયીએ પરમાણું ઉર્જા આયોગના અધ્યક્ષ આર ચિદમ્બરમ સાથે મુલાકાત કરી હતી. જો કે આ શિષ્ટાચાર માટે કરેલી મુલાકાત ન હતી. વાજપેયી તેમની ૧૯૯૬માં ૧૩ દિવસની સરકારના સમયમાં પરમાણું કાર્યક્રમમાં ગંભીર હતા. જો કે બહું ઓછા લોકોને ખબર છે કે ૧૩ દિવસની અલ્પ સરકારમાં વાજપેયીએ ડીઆરડીઓ અને ડીઈએને પરમાણું પરીક્ષણની તૈયારી કરવા માટે લીલીઝંડી આપી હતી.

અમેરિકાની ખુફિયા એજન્સી ગેરમાર્ગે દોરાઇ...

૧૯૮૨-૮૩માં જ્યારે ઈન્દિરા ગાંધીએ પરમાણું પરીક્ષણને મંજૂરી આપી ત્યારે પોખરણમાં ત્રણ કુવા ખોદવામાં આવ્યા હતા. ૧૯૯૮માં આ કુવામાં પરીક્ષણ કરવામાં આવ્યું હતું. અમેરિકાની ખુફિયા એજન્સીઓને ગેરમાર્ગે દોરવા માટે સેનાએ ૧૯૯૮માં જાણી જોઈને વિચિત્ર પ્રયોગ કર્યો હતો. સાઈટ પર ક્યારેક નવો કુવો ખોદવામાં આવતો હતો તો જ્યારેક જૂના કુવાની સફાઈ કરવામાં આવતી હતી. અમેરિકાની એજન્સી વિચારતી રહી કે પોખરમણમાં આ શું થઈ રહ્યું છે. ૯મી મે કે જ્યારે પરીક્ષણના બે દિવસ પહેલાં જ્યારે વૈજ્ઞાનિકો નિયમિત દેખરેખ રાખવા માટે કુવામાં ઉતર્યા ત્યારે તે સમયે લાઈટ જતી રહી હતી અને તેઓ અંદર ફસાઈ ગયા હતા. તેઓ વિસ્ફોટકવાળા કુવા બંધ કરી રહ્યાં હતા ત્યારે ભૂલથી એક બુલડોઝરે મોટા પથ્થરને કુવા તરફ ધકેલ્યો હતો. જો આ પથ્થર વિસ્ફોટ પર પડ્યો હોત તો મોટું નુકશાન થયું હોત પરંતુ સેનાના એક જવાને આ પથ્થરને રોકી લીધો હતો.

ગ્રામલોકોને આ રીતે સુરક્ષિત રાખવામાં આવ્યા...

પરીક્ષણનના કેટલાક કલાક પહેલાં જ્યારે ચિદમ્બરમ અને અબ્દુલ કલામ કન્ટ્રોલ રૂમમાં બેઠાં હતા ત્યારે રેન્જના મોસમ વિભાગના અધિકારીઓ તેમની પાસે આવી ગયા હતા અને કહ્યું હતું કે ખૂબ હવા ચાલી રહી છે, એ શાંત ન થાય ત્યાં સુધી મિશન રોકવું પડશે, કારણ કે બ્લાસ્ટ સમયે હવા હશે તો રેડિયેશન ફેલાઈ જશે અને ગામડાઓ સુધી પહોંચી જશે. હવા બપોર સુધી થંભી નહીં અને વૈજ્ઞાનિકો રાહ જોતા રહ્યાં. બહારનું તાપમાન ૪૩ ડીગ્રી સુધી પહોંચી ગયું હતું. બપોર પછી ત્રણ વાગે જ્યારે હવા બંધ થઈ ત્યારે ૩.૪૫ કલાકે ત્રણ ઉપકરણોનો બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. પોખરણમાં હાઈડ્રોજન બોમ્બ બ્લાસ્ટ કરવામાં એક સમસ્યા એવી હતી કે કેટલાક ગામડાં નજીકમાં હતા. વૈજ્ઞાનિકો ૪૫ કિલો ટનનો બ્લાસ્ટ કરવાના હતા પરંતુ વૈજ્ઞાનિકોએ કોમ્પ્યુટરની મદદથી અંદાજ મેળવ્યો હતો કે રેડિયો એક્ટિવિટીને જમીનની તળિયાની નીચે રોકી શકાશે.

ચિદમ્બરમે ૧૯૭૪ જેવો રોમાંચ અનુભવ્યો...

જેવો વિસ્ફોટ કરવામાં આવ્યો, જમીનમાં ૨૦૦ થી ૩૦૦ મીટર નીચે ૧૦ લાખ ડીગ્રી સેન્ટીગ્રેડ સુધીનું તાપમાન પેદા થયું હતું. આ તાપમાન સૂર્યના તાપમાનની બરાબર કહેવાય છે. બ્લાસ્ટની નજીક આવેલી ૧૦૦૦ ટનનો પહાડ સળતી ઉઠ્યો અને પથ્થર પિગળી ગયા પરંતુ તે ઝડપથી ઠંડા થઈ ગયા. આ પહાડીએ રેડિયો એક્ટિવિટીનો રોકી રાખી હતી. ફુટબોલના મેદાનની જેમ જમીન કેટલીક મીટર ઉપર આવી ગઈ અને આસપાસ લગાવેલા ભૂકંપ માપક યંત્રોએ પરીક્ષણનું રેકોર્ડ કરીને તેની પુષ્ટી આપી હતી. રાજા ચેંગપ્પા તેમના રિપોર્ટમાં લખે છે કે સુરક્ષિત અંતરથી હજારો સૈનિકોએ ભારત માતા કી જય નો સૂત્રોચ્ચાર કર્યો હતો. વૈજ્ઞાનિકોએ એક બીજાને ગળે લગાવ્યા હતા. ચિદમ્બરમને ૧૯૭૪ જેવો રોમાંચ મહેસૂસ કર્યો હતો. કાકોડકર હંમેશાની જેમ શાંત રહ્યાં હતા. તેમણે કહ્યું કે હમને અપના કામ કર દિયા હૈ.. ફરીથી તેઓ ધીમેથી બોલ્યાં કે – સફલતાપૂર્વક. આ તમામ વૈજ્ઞાનિકો બે દિવસ પછી ફરીથી એ જગ્યાએ ગયા અને બીજા બે પરીક્ષણ કર્યા હતા.

પરીક્ષણ સમયે વાજપેયી મિટીંગમાં બેઠાં હતા...

પોખરણમાં જ્યારે અણું પરીક્ષણ થયું ત્યારે વડાપ્રધાન વાજપેયી તેમના સરકારી આવાસના ડ્રોઈંગ રૂમમાં છ લોકો સાથે

નેશનલ ટેકનોલોજી ડે જાહેર કરવામાં આવ્યો, સફળ વૈજ્ઞાનિકોને પ્રતિવર્ષ એવોર્ડ શરૂ કરાયા

બેઠાં હતા. ૩.૪૫ કલાકે જ્યારે પોખરણમાં ત્રણ વિસ્ફોટ થયાં ત્યારે આ છ લોકોને માત્ર એસીનો અવાજ સંભળાતો હતો. ૧૦ મિનીટ પછી બાજુના એક રૂમમાં ટેલીફોન આવ્યો અને વડાપ્રધાનના પ્રધાન સચિવ બ્રિજેશ મિશ્રાએ ટેલીફોનનું રિસીવર ઉઠાવતાં બીજી બાજુથી અવાજ આવ્યો કે – કામ ફતેહ. બ્રિજેશ મિશ્રાએ ફોન કરનારા વ્યક્તિને રાહ જોવા કહ્યું અને તેઓ મહેમાનોના રૂમમાં દાખલ થયા અને જાણ કરી. એ સમયે ગૃહમંત્રી લાલકૃષ્ણ અડવાણી તેમની ભીની આંખો લૂછી રહ્યાં હતા. વાજપેયીએ ફોનનું રિસીવર ઉઠાવીને એ બન્ને મહાન વૈજ્ઞાનિકોને અભિનંદન આપ્યાં હતા.

અમેરિકાએ પ્રતિબંધ લગાવ્યો છતાં ફરી ટેસ્ટ...

બે દિવસ પછી અમેરિકાના રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટને ભારત પર કેટલાક પ્રતિબંધો લગાવ્યા છતાં ભારત માન્યું નહીં. ૧૩મી મે એ ફરીથી એ જ ધરતી પર પોખરણમાં બે બીજા પરીક્ષણ કર્યા. વિશ્વમાં સૌથી વધુ ૧૦૩૨ ન્યૂક્લિયર ટેસ્ટ અમેરિકાએ કર્યા છે. બીજાક્રમે ૭૨૭ સાથ યુએસએસઆર આવે છે. ફ્રાન્સે ૨૧૭, યુકે એ ૮૮, ચીને ૪૭, નોર્થ કોરિયાએ ૬, ભારતે ત્રણ અને પાકિસ્તાને બે ટેસ્ટ કર્યા છે. કુલ ૨૧૨૧ ટેસ્ટ થયાં છે અને ૨૪૭૬ ડિવાઈસ ફાયર્ડ થયાં છે. નેશનલ ટેકનોલોજી ડે ના રોજ દેશમાં ઘણાં કાર્યક્રમો થતાં હોય છે. આ દિવસે એવા વૈજ્ઞાનિકોને પુરસ્કાર આપવામાં આવે છે કે જેમણે આ ક્ષેત્રમાં ઉત્તમ પ્રદર્શન કર્યું હોય. સ્કૂલ અને કોલેજના વિદ્યાર્થીઓ તેમના આવિષ્કારો અને પ્રોજેક્ટ્સનું પ્રેઝન્ટેશન પણ કરતા હોય છે પરંતુ અત્યારે કોરોના સંક્રમણનો સમય ચાલી રહ્યો છે ત્યારે નેશનલ ટેકનોલોજી દિવસની ફિઝિકલ ઉજવણી શક્ય બની નથી. ૨૦૧૯માં આ દિવસની થીમ – સાયન્સ ફોર પીપલ, પીપલ ફોર સાયન્સ હતી. ભારતમાં જ્યોન અબ્રાહમ અભિનિત પરમાણું નામની ફિલ્મ પણ બની છે.

અબ્દુલ કલામ અને ચિદમ્બરમ હિરો હતા, ગ્રામજનોને સુરક્ષિત કરી પરમાણું બ્લાસ્ટ કર્યા હતા